ગાંધીનગર સમાચાર

તા. ૮-૫-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ચોર કોટવાળને દંડવા માગે છે

ભારત માટે સૌથી મોટું શિરદર્દ હોય તો તે છે એના બે પાડોશી દેશો. ચીન વિશ્વની મહાસત્તા બનવાની હોડમાં છે અને હવે તો અમેરિકા જેવી વિશ્વસત્તા પણ એનાથી ડર અનુભવે છે. આ ચીન વ્યૂહાત્મક દૃષ્ટિએ દક્ષિણ એશિયામાં ભારતને એનું હરીફ ગણતું હોઇ પાકિસ્તાનને પંપાળતું રહે છે, એટલું જ નહીં, જયારે જયારે સરહદ પર કોઇ છમકલું થાય અને તે ભારત તરફથી પ્રત્યાઘાત મળવાની સંભાવના સમજાય ત્યારે તે હંમેશા પાકિસ્તાનની જ તરફદારી કરતું રહે છે. પાકિસ્તાને અડદ ઉપરાંત કાશ્મીર પચાવી પાડ્યું છે એમ ચીનની નજર અરુણાચલ અને લડાખ જેવા પ્રદેશો પર રહ્યા કરી છે. ૧૯૬૨માં ચીને ભારત સામેના યુદ્ધમાં હજારો બલકે લાખો ચોરસ કિલોમીટરનો સરહદી વિસ્તાર દબાવી પાડેલો છે. અમેરિકા જેવી મહાસત્તાને પણ ચીન અને ઇસ્લામી રાષ્ટ્રો માટે નિશાન તાકવા માટે આ પાકિસ્તાન જ જમીન પૂરી પાડી શકે એમ હોઇ આતંકવાદીઓનું પારણું બની ગયેલ આ સાવ જ દેવાળિયા દેશને એ મોં માગી કિંમત ચૂકવતું રહ્યું છે. અમેરિકાના બગલબચ્ચા તરીકે કૂદાકૂદ કરતું પાકિસ્તાન ભારતને એનું કટ્ટર દુશ્મન રાષ્ટ્ર ગણે છે. તેથી જયારે જયારે અમેરિકા અને ભારત વિશ્વની બે મહાન લોકશાહીઓ તરીકે હાથ મિલાવતાં દેખાય છે ત્યારે પાકિસ્તાન ઘાંઘું બનીને ચીનના પડખામાં ભરાઇ જઇ અમેરિકાને જરુરી સંકેત આપી દે છે. છેલ્લે ઓબામાએ નરેન્દ્ર મોદીને આવકાર્યા અને બિરદાવ્યા તથા એમના નિમંત્રણને માન આપી ભારતના પ્રજાસત્તાક પર્વના મુખ્ય મહેમાન તરીકે પરેડની સલામી ઝીલવા હાજર રહ્યા ત્યારે પાક લશ્કરી વડા તાબડતોબ ચીન દોડી ગયા હતા. મિયાં નવાઝ શરીફ પણ ચીન સાથેના સંબંધોની દુહાઇ દેવા લાગ્યા હતા અને જે ચીની પ્રમુખ મોદીના મહેમાન થઇને સાબરમતી રિવરફ્રંટ પર હીંડોળે ઝૂલ્યા હતા એ જ મહાશયે પાકિસ્તાનને ચીનના ‘કુદરતી દોસ્ત’ તરીકે, કસોટીના સમયે પડખે રહેનાર પાડોશી તરીકે બિરદાવ્યું હતું. ચીન પણ જાણે છે કે દુનિયાભરમાં ઇસ્લામી આતંકવાદને પાકિસ્તાનમાં આશ્રય મળતો રહે છે. પરંતુ એને તો પાકિસ્તાનના ગાદર જેવા બંદરની અભરામ નંદાવે ભેટસોગાદ મળી ગઇ છે. પાક અધિકૃત કહેવાતા આઝાદ કાશ્મીરમાં ચીન ધોરી માર્ગ બનાવી રહ્યું છે. કારાકોરમ પર્વતમાળાની ધાર પર થઇ પસાર થનારો આ ધોરી માર્ગ ભારતની સલામતી સામે મોટું જોખમ સાબિત થઇ શકે એમ છે. સામરિક દૃષ્ટિએ ચીન અને પાકિસ્તાન પરસ્પરના હિતો સાચવીને ભારતનો ઘણો લાડવો કરવા માગે છે, તે એક હકીકત છે. આવી પરિસ્થિતિમાં એક તરફ વર્ષોથી સરહદો સળગતી રાખી ભારત સામે ‘પ્રોક્સી વોર’ સ્વરુપે આતંકવાદની ભરપૂર નિકાસ કરતું રહેલું પાકિસ્તાન ચોર કોળવાળને દંડે - એ ન્યાયે હવે પોતાના દેશમાં ભારત આતંકીઓને પ્રોત્સાહન આપી રહ્યું હોવાનો વાહિયાત આક્ષેપ કરવા લાગ્યું છે. કાશ્મીર અને પંજાબ સમેત આખી સરહદ પર બારેમાસ ઘુસણખોરી કરાવતું પાકિસ્તાન દુનિયા સમક્ષ હિંદુસ્તાનને બદનામ કરવા મેદાને પડ્યું છે. કાશ્મીરનાં અલગતાવાદી તત્ત્વોને પાકિસ્તાન જ પોષતું રહે છે અને કાશ્મીર મુદ્દે ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ હિન્દુસ્તાન વિરુદ્ધ એક હજાર વરસ સુદી યુદ્ધ કરવાની ધમકી આપેલી એ મુદ્દો એમના અનુગામી નેતાઓ તથા લશ્કર અને આઇએસઆઇ જેવી કુખ્યાત ગુપ્તચર એજન્સીએ જીવતો રાખવામાં કોઇ જ કસર છોડી નથી. તાજેતરમાં રાવલપીંડી લશ્કરી વડામથક ખાતે લશ્કરી કમાન્ડરોના સંમેલન બાદ બહાર પાડવામાં આવેલ નિવેદનમાં ભારત વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરાયા હતા. ભારતની ગુપ્તચર એજન્સી ‘રો’ દ્વારા પાકિસ્તાનમાં વિવિધ ત્રાસવાદી જૂથોને મદદ મળતી હોવાનો આક્ષેપ ચોરી ઉપર સીનાજોરી સમાન છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે તો ત્યાં સુધી કહી દીધું કે ‘રો’ની રચના જ દુનિયાના નકશામાંથી ‘પાકિસ્તાનનું નામોનિશાન ભૂંસી નાખવાના ઇરાદાથી કરાઇ હતી.’



### પાટીદાર સમાજ દ્વારા આદર્શ ગૃહિણી તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગરના ૧૫ ગામ પાટીદાર સમાજ દ્વારા તાજેતરમાં આદર્શ ગૃહિણી તાલીમ શિબિર યોજવામાં આવી હતી. જેમાં ગૃહિણીઓને વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિબિર દરમ્યાન બે દિવસીય પ્રવાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આદર્શ ગૃહિણી શિબિરમાં ડૉ. અમૃત પટેલે આયુર્વેદ, ડૉ. શૈલેષ પટેલે સ્તન કેન્સર તથા જાતિય રોગો અંગે, ડૉ. કપિલાબેન પટેલ તથા ડૉ. અનિલા પટેલે જીવન જીવવાની કળા અને જયેશભાઈ પટેલે સ્વચ્છતા તેમજ આરોગ્ય અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આ ઉપરાંત ડૉ. અનિલ પટેલે વહેમ અંધશ્રદ્ધા નિર્મૂલન, ડૉ. અંબાલાલભાઈએ નારી જાગૃતિ તેમજ મોના જોષીએ ઘરગથ્થુ ચીજવસ્તુઓથી સૌંદર્ય સંવર્ધન અંગે પ્રકાશ પાડ્યો હતો. શિબિર દરમ્યાન યોજાયેલ બે દિવસીય પ્રવાસમાં ગૃહિણીઓએ સાયન્સ સીટી તેમજ સુઘડ ખાતે પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાનની મુલાકાત લીધી હતી.

## બીએડમાં પ્રવેશ માટે આજથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

### ૧૫મી સુધી બીએડ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ઇચ્છુક વિદ્યાર્થી પીન નંબર મેળવીને ઓનલાઈન ફોર્મ ભરી શકશે

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી બી.એડ. કોલેજોમાં પ્રવેશ માટે આવતીકાલથી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આવતીકાલ થી ૧૫મી સુધી બી.એડ કોલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પીન નંબર મેળવીને ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. બી.એડ.નો કોર્સ બે વર્ષનો કરી દેવાતા પહેલા વર્ષે કોલેજોને માત્ર ૫૦ વિદ્યાર્થીઓ જ ફાળવવાનું નક્કી કરાયું છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ એનસીટીઈ દ્વારા બી.એડ.નો કોર્સ એક વર્ષના બદલે બે વર્ષનો કરી દેવાયો છે. ત્યાર બાદ પ્રથમ વખત બે વર્ષનો કોર પ્રવેશ આપવા માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી કરવામાં શરૂ કરવામાં આવશે. બી.એડ કોલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પીન નંબર મેળવીને ૧૫મી મે સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીએ પહેલા વર્ષે દરેક બી.એડ કોલેજોને માત્ર ૫૦ વિદ્યાર્થીઓ ફાળવવાનું નક્કી કર્યું છે. જો કે, આગામી દિવસોમાં આચાર્યની બેઠક બોલાવીને તેમાં નિર્ણય કરાશે. આજ રીતે અત્યાર સુધી બી.એડ.માં પ્રવેશ માટે ૮૦:૨૦ એટલે કે ૮૦ જૂના વિદ્યાર્થીઓ અને ૨૦ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો હતો. આ રેશિયાના કારણે કોલેજોને પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળતાં નહોતા. જેના લીધે આચાર્યની બેઠકમાં હવે આ રેશિયો બદલીને ૫૦:૫૦ એટલે કે અડધા જુના અને ચાલુ વર્ષે પાસ થયેલા વિદ્યાર્થીઓને બી.એડ.માં પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ કાઉન્સિલના નવા નિયમો પ્રમાણે હવે માત્ર ૫૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બી.એડ કોલેજોમાં ૧૦૦ વિદ્યાર્થીઓ પ્રમાણે પ્રવેશ ફાળવવામાં આવતો હતો ત્યારે પણ અનેક બેઠકો ખાલી પડતી હતી. હવે નવા નિયમો પ્રમાણે પણ અનેક બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ છે. જો કે, આગામી તારીખ ૧૬મી જૂનથી બી.એડમાં શૈક્ષણિક કાર્ય શરૂ થાય તેવી જાહેરાત કુલપતિ દ્વારા કરાઈ છે.

## યુનિવર્સિટીનાં ૨૦૦ હંગામી કર્મીઓને પાણીચુ પકડાવાશે

### ફિક્સ્ડ પગારધારી કર્મચારીઓને રજા આપવાની વાતને લઇ તર્ક વિતર્કોનો દોર : અન્ય કર્મચારીઓમાં પણ ચર્ચા

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક સમયથી ફિક્સ પગારમાં ફરજ બજાવી રહેલ કર્મચારીઓ સામે તવાઈ બોલાવવામાં આવી રહી છે ત્યારે હવે યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૨૦૦ ફિક્સ પગારધારી કર્મચારીઓને પાણીચુ પકડાવી દેવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ફિક્સ પગારના કર્મચારીઓને પગાર વધારો કે અન્ય કોઈ લાભ નહી આપવાની સરકારની જોગવાઈના કારણે યુનિવર્સિટીએ હવે આ કર્મચારીઓને છુટા કરીને આઉટ સોર્સીંગથી કામ કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગમાં કામગીરી માટે ત્રણેક વર્ષ પહેલા તત્કાલીન કુલપતી દ્વારા ફિકસ પગારથી ૨૦૦ જેટલા હંગામી કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી. પરંતુ આ ભરતી જાહેરાત પ્રસિધ્ધ કર્યા વિનાજ કરાઈ હોવાથી ત્રણ વર્ષ વિતવા છતાં આજ દિન સુધી આ કર્મચારીઓને કાયમી કરવામાં આવ્યા નથી. જો આ કર્મચારીઓને કાયમી કરવામાં આવે તો અનેક પ્રકારના વિવાદો અને વિરોધ ઉત્પન્ન થઈ શકે તેવી શક્યતાના પગલે કોઈપણ અધીકારી આ પ્રશ્નને હાથમાં લેતા નથી આ અંગે યુનિવર્સિટીના કુલપતી એમએન પટેલે જણાવ્યું હતુ કે યુનિવર્સિટીમાં હંગામી કર્મચારીઓની નિયમાનુસાર ભરતી થઈ ન હોવાથી તેમને કોઈ જાતનો લાભ આપી શકાય તેમ નથી. આથી અમે આ કર્મચારીઓને બદલે આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા કામ કરાવવાનો નિર્ણય કર્યો છે. આ માટેના ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યા છે. અને એજન્સી પણ નક્કી કરી લેવામાં આવી છે. હવે માત્ર તેના ઓર્ડર આપવાના બાકી છે. કુલપતિએ વધુમાં ઉમેર્યુ હતું કે આ નિર્ણયને કારણે યુનિવર્સિટીના ખર્ચમાં દોઢ ઘણો વધારો થવાનો છે જો કે યુનિવર્સિટી પાસે બીજો કોઈ વિકલ્પ પણ નથી યુનિવર્સિટીના આ નિયમોથી ગુજરાત યુનિવર્સિટીમાં હંગામી કર્મચારી તરીકે ફરજ બજાવતા આ ૨૦૦ કર્મચારીઓને પાણીચુ પકડાવી દેવામાં આવશે તે લગભગ નક્કી થઈ ગયું છે.

## ગેરકાયદેસર ફી ઉઘરાવનાર બેસ્ટ હાઈસ્કુલને થયેલો દંડ

### શિક્ષણ બોર્ડ દ્વારા ૭.૫૧ લાખનો આર્થિક દંડ ફટકારતા ચર્ચા : ખોટી રીતે ફી ઉઘરાવવાની ફરિયાદ બાદ કાર્યવાહી

અમદાવાદ, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ અમદાવાદના મણીનગર વિસ્તારમાં આવેલ બેસ્ટ હાઈસ્કુલને ૭.૫૧ લાખ રૂપિયાનો આર્થિક દંડ ફટકાર્યો છે. આ સ્કુલ સામે ખોટી રીતે ફી ઉઘરાવવાનો આરોપ હતો. તેથી બોર્ડ દ્વારા શાળા દ્વારા ગેરકાયદેસર રીતે ઉઘરાવવામાં આવેલ ફી પણ વિદ્યાર્થીઓને પરત કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયના શિક્ષણ વિભાગ દ્વારા બેફામ રીતે ફી વધારો કરતી તેમજ નિયમોને નવે મુકીને ફી ઉઘરાવતી ખાનગી શાળાઓ સામે ગાળીયો કસાવામાં આવ્યો છે. ત્યારે ગેરકાયદેસર રીતે કેમ્પસ ફીના નામે વિદ્યાર્થી લૂંટનાર અમદાવાદના મણીનગર વિસ્તારમાં આવેલ બેસ્ટ સ્કુલ સામે શિક્ષણ બોર્ડ દ્રા કડકડ કાર્યવાહી કરવામાં આવી છે. શાળાના સંચાલકો દ્વારા નિયમોનો ભંગ કરીને વિદ્યાર્થી દીઠ કેમ્પસ ફી પેટે રૂપિયા ૨૧૬૦ ઉઘરાવવામાં આવતા હતા.

આ અંગે વાલીઓ દ્વારાશિક્ષણ બોર્ડને ફરીયાદ કરવામાં આવી હતી. જેના આધારે શિક્ષણ બોર્ડ દ્વારા તપાસ કરાવતા ફરીયાદ સાચી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી શિક્ષણ બોર્ડ બેસ્ટ હાઈસ્કુલનાં સંચાલકોને રૂપિયા ૭.૫૧ લાખનો આર્થિક દંડ ફટકાર્યો છે. તેમજ આજ દિન સુધી ગેરકાયદેસર રીતે ઉઘરાવવામાં આવેલ તમામ ફી વિદ્યાર્થીઓને પરત કરીને આ અંગે શિક્ષણ અધિકારી સમક્ષ રીપોર્ટ રજૂ કરવામાં આદેશ આપ્યા છે. સાથે જ જો શાળાનાં સંચાલકો દંડ ન ભરે અથવા વિદ્યાર્થીઓને ફીની રકમ પરત ન કરે તો શાળાની માન્યતા રદ કરવાની તેમજ રકમની વસૂલી માટે શાળા સંચાલકોની સંપત્તી જપ્ત કરવા સુધીનાં પગલા લેવાની ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદની બેસ્ટ શાળા સામે ભરવામાં આવેલ આ પગલાથી શહેરમાં ગેરકાયદેસર રીતે ફી ઉઘરાવતી અન્ય શાળાના સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આગામી દિવસોમાં વધુ કેટલાક શાળાઓ સામે પણ કાર્યવાહી થાય તેવા સંકેત મળ્યા છે.

## રેડક્રોસના માનવીય કાર્યોમાં રાજ્યના નાગરિકોને સહયોગી બનવા આહ્વાન કરતા રાજ્યપાલશ્રી

### વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યાએ ઓ.પી. કોહલીનો રાજયની પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ રેડક્રોસના માનવતાવાદી સેવા કાર્યોમાં રાજ્યના સૌ નાગરિકો જોગ વાયુ સંદેશમાં જણાવ્યું હતું કે પ્રતિ વર્ષ ૮મી મે ના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિવસ મનાવવામાં આવે છે, જે રેડક્રોસ આંદોલનના સંસ્થાપક સર હેનરી ડુનાન્ટનો જન્મ દિવસ છે. આ વર્ષે વિશ્વ રેડક્રોસ/ રેડક્રિસેન્ટ દિવસની વિષય વસ્તુ ‘માનવતાની શક્તિ : મૌલિક સિદ્ધાંત કાર્યવાહીમાં’ નક્કી કરાઈ છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં રેડક્રોસ કાર્યકર્તાઓ અને સ્વયં સેવકો પ્રાકૃતિક આપદા, મહામારી, સંઘર્ષ અને હિંસાથી પીડિત લોકોની સહાયતામાં સક્રિય છે. તેઓ લોકોમાં નિવારણાત્મક કાર્યવાહી અને જાગૃતિ જગાવવા માટે પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી જેની સ્થાપના ૧૯૨૯માં થઈ હતી. તે હંમેશા નબળા-પીડિત લોકો માટે માનવીય સેવાકાર્યો કરવામાં અગ્રસ્થાને રહી છે, તેમ જણાવી રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે ગુજરાત રેડક્રોસ પણ રાજ્યના જુદા જુદા સ્થળો પર સ્વૈચ્છિક રક્તદાન, ચક્ષુદાન, ક્ષયરોગ, નિયંત્રણ કાર્યક્રમ, આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર, ફિઝીયોથેરાપી કેન્દ્ર, ઔષધાલય, પ્રયોગશાળા વગેરેનું સંચાલન જેવી ઉપયોગી સેવાઓ પુરી પાડે છે.

## રવિવારે બયતુલમાલ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૭

બયતુલમાલ ગાંધીનગર સંસ્થાના આજીવન સભ્યોની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭મી મે, રવિવારે સવારે ૧૦.૩૦ વાગે યોજવામાં આવી છે. આ સામાન્ય સભા સે. ૨૧ જુમ્મા મસ્જીદ ખાતે મલ્ટી પર્પઝ કોમ્યુનીટી હોલમાં યોજાશે. આ સભામાં ઉપસ્થિત રહેવા બયતુલમાલ-ગાંધીનગર સંસ્થાના તમામ સભાસદોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળની સાધારણ સભા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના દશનામ ગોસ્વામી મંડળના આજીવન સભ્યોની સાધારણ સભા તા. ૩૧મી મે રવિવારના રોજ સાદરા મુકામે જક્ષણી માતાના મંદિરે અન્નપૂર્ણા ભવન ખાતે યોજાશે. આ સભા સવારે ૮ થી ૧ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં મંડળના વિકાસ લક્ષી કામો માટે ચર્ચા કરવાની હોઈ તમામ આજીવન સભ્યને અચુક હાજર રહેવા તાકીદ કરવામાં આવી છે.

## માનવ સેવા મંડળ દ્વારા ઉવારસદ ગામે સેવાકાર્ય હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના માનવ સેવા મંડળ દ્વારા તાજેતરમાં ઉવારસદ ગામના આગેવાનો સાથે સહભાગી થઇ ગામના જરૂરિયાતમંદ ગરીબો, વિધવાઓ, ૫૬ ત્યક્તા બહેનોને અનાજ, તેલ, ગોળ અને કરિયાણાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. અને ગામની ગાયોને પણ ઘાસ નીરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કનુભાઈ દવે, પ્રફુલ્લભાઈ રાવલ, નીતિનભાઈ વાઘેલા, એન.જી. દવે, એ.જી. રાણા, પ્રવીણભાઈ દરજી, નરેશભાઈ ઝંઝુવાડિયા, કિશોરભાઈ ત્રિવેદી, કિરીટસિંહ વાઘેલા અને રાજવીરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

માનવસેવા મંડળ દ્વારા છેલ્લા ૧૫ માસથી દર મહિને પૂનમ અને અમાસના દિવસે આ સેવાકાર્ય આરંભાયુ છે. આ ઉપરાંત મંડળ દ્વારા દર માસના બીજા અને ચોથા રવિવારે તથા શ્રાવણ માસ-અધિકમાસ દરમ્યાન સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ખોડિયાર માતાના મંદિરે સવારે ૮.૩૦ વાગે વિતરણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં દાતાઓને સ્વહસ્તે ગરીબ દર્દીઓની સેવા કરવાનો મોકો પૂરો પાડવામાં આવે છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## હરિની દૃષ્ટિ...




હરામખોર બરાબર વાંચ સાહેબ ચાઈનામાં બોન - ચાઇનાનાં કપ-રકાબી લેવા નથી જવાના... ! આપણા બેન ચાયના જાય છે... !!

## વાવોલ ખાતે ઉર્સ મુબારકની ઉત્સાહપૂર્ણ ઉજવણી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના વાવોલ ખાતે હઝરત મહંમદ પીર હુસેનની દરગાહ ખાતે ઉર્સ મુબારકનો કાર્યક્રમ હિન્દુ મુસ્લિમ તમામ લોકોએ સાથે રહીને પુરી માનવીય એખલાસની ભાવના સાથે શ્રધ્ધાથી ઉજવવામાં આવ્યો હતો.

મુસ્લિમોના પવિત્ર એવા ઉર્સના આ તહેવારમાં હરીનગર ઓનર્સ એસોસીએશન દ્વારા ખભેખભો મિલાવીને વાવોલના તમામ મુસ્લિમ બિરાદરોનું અભિવાદન કર્યું હતું. ઉક્ત કાર્યક્રમમાં હીરનગર એસોસીએશનના પ્રમુખ કરશનજી ગોલ, ગાંધીનગર તાલુકા ભાજપ સેલના કન્વીનર તરફથી તમામ મુસ્લિમ અગ્રણીઓનું સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રથમ મહિલા મેયર હંસાબેન મોદી, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સ્થાનિક આગેવાન વિક્રમસિંહ ગોલ, કુબેરજી ગોલ આગેવાનોની સાથે સાથે ગુલામ હુસેન શેખ, મહંમદભાઈ, યુસુફભાઈ શેખ વગેરે મુસ્લિમ બિરાદરો હાજર પણ રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ ભાઈચારાની ભાવના સાથે ઉજવવામાં આવ્યો હતો.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક સભા તા. ૪ થી મે ના રોજ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં કેટલાક અગત્યના નિર્ણયો લેવાયા હતા.

પરિષદની માસિક સભામાં ચર્ચા બાદ તમામ બેંકો અને પોસ્ટ ઓફિસોમાં જાહેર વહીવટની સુધારણા માટે સતત સૂચનો કરતા રહેવાનું ઠરાવવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ દ્વારા રાજયના નાણામંત્રી સમક્ષ પેન્શનરો અને સરકારી કર્મચારીઓને ન્યાયિક ધોરણે તબીબી ભથ્થુ વધારી આપવા તેમજ વયસ્ક પેન્શનરોના જોઈન્ટ બેંક એકાઉન્ટની પદ્ધતિમાં માનવતાવાદી ફેરફાર અંગે કરવામાં આવેલ રજૂઆતે વાંચી સંભળાવવામાં આવી હતી. આ ઉપરાંત સભામાં સંસ્થાનો રેકોર્ડ સમય બદ્ધ રીતે તૈયાર કરી સમીક્ષાની જવાબદારી જયંતભાઈ ભટ્ટને સોંપવામાં આવી હતી. સંસ્થાના કોષાધ્યક્ષ તરીકે જીવણલાલ પરમારની સેવાઓને સભામાં બિરદાવવામાં આવી હતી.

## રવિવારે સાહિત્ય સભા દ્વારા સર્જકની કેફિયત કાર્યક્રમ યોજાશે

### ડૉ. મુકેશ જોષી પોતાના નવા ગઝલ સંગ્રહ ‘ક્ષણોની મહેફિલ’નું સ્વમુખે પઠન કરશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તા. ૧૦મી મે રવિવારના રોજ ‘સર્જકની કેફિયત’ અંતર્ગત જાણીતા ગઝલકાર ડો. મુકેશ જોષી દ્વારા પ્રકાશિત ગઝલ સંગ્રહ ક્ષણોની મહેફિલમાંથી સ્મુખે ગઝલ પઠનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સે-૨૧માં મહારાષ્ટ્ર ભવન ખાતે નમન એપાર્ટમેન્ટ સાંજના ૫.૩૦ વાગે યોજાશે.

તાજેતરમાં નવભારત પ્રકાશન દ્વારા ડો. મુકેશ જોષીના ‘ક્ષણોની મહેફિલ’ ગઝલ સંગ્રહને પ્રકાશિત કરવામાં આવ્યો છે. સ્વમુખે ગઝલ પઠન કાર્યક્રમ સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ કાર્યક્રમનો લાભ લેવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો અને સાહિત્ય સભાના સર્વે સભ્યોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.